**ભાજપના ૧૭, કોંગ્રેસના ૫, આપ પાર્ટીના ૪ તથા અપક્ષના ૪ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી**

## દેવગઢ બારીયા નગરપાલિકાની પેટા ચૂંટણીમાં ૬ બેઠકો માટે ૩૦ જેટલા ઉમેદવારી પત્રો ભરાયા

ચૂંટણી અધિકારી દ્વારા ઉમેદવારી પુત્રોની ચકાસણી આવતીકાલ તારીખ ૧૬ મી જુલાઈએ હાથ ધરાશે




(પ્રતિનિધિ) દાહોદ, તા.15
દેવગઢ બારીયા નગર પાલિકાની ૬ બેઠકો માટે યોજાનારી પેટા ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ છે. ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસ સુધીમાં કુલ ૩૦ ઉમેદવારી પત્રો ભરાયા છે. જેમાં ભાજપના સૌથી વધુ ૧૭, કોંગ્રેસના ૫, આમ આદમી પાર્ટીના ૪ તથા અપક્ષના ૪ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. ભાજપ એ પોતાના મેન્ડેડ જાહેર કરતા જયેન્દ્રસિંહ કાળુસિંહ રાઉલજી, મંજીતાબેન પંકજભાઈ પસાયા, તેજલ બેન સુનિલ કુમાર મહેતા, વર્ષાબેન અજયભાઈ લિમ્બાચિયા, સાહિલ કુમાર ઘનશ્યામભાઈ મોહનિયા અને મિતેશકુમાર રમણલાલ પટેલને સત્તાવાર ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે.
કોંગ્રેસે રાજેશકુમાર રાવળ, અક્ષય સુથાર, લક્ષ્મીબેન હરિજન અને પ્રજ્ઞેશ મોહનિયાને ઉમેદવાર તરીકે ચૂંટણી જંગમાં ઉતાર્યા છે. જ્યારે આમ આદમી પાર્ટીએ નિધિબેન જૈન તથા સરલાબેન મેડા સહિત કુલ ચાર ઉમેદવારોને ટિકિટ આપી છે ઉપરાંત ચાર અપક્ષ ઉમેદવારો એ પણ પોતાના ઉમેદવારી પત્રો રજૂ કર્યા છે ચૂંટણી અધિકારી દ્વારા ઉમેદવારી પુત્રોની ચકાસણી આવતીકાલ તારીખ ૧૬ મી જુલાઈએ હાથ ધરાશે જ્યારે ઉમેદવારી પત્ર પરત ખેંચવાની અંતિમ તારીખ ૧૭ જુલાઈ નક્કી કરવામાં આવી છે. ત્યારબાદ જ અંતિમ ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે.

**ગોવિંદગુરુ લીમડી તાલુકાના રૂપાખેડા ગામે ઘાટી ફળિયામાં એસ.ઓ.જી પોલીસનો ઓચિંતો છાપો**

## પોલીસે ઘરમાંથી ૭ કિલો ગાંજા સાથે ઘર માલિકની ધરપકડ કરી

**ઘર માલિકે** વેચાણ અર્થે રૂ.૩.૬૯ લાખની કિંમતનો મુદ્દામાલ સંતાડીને રાખ્યો હતો

(પ્રતિનિધિ) દાહોદ, તા.15
લીમડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં નીકળેલ દાહોદ એસઓજી પોલીસે મળેલ બાતમીનાં આધારે રૂપાખેડા ગામે ઘાટી ફળિયામાં એક ઘરમાં ઓચિંતો છાપો મારી ઘરમાંથી વેચાણ કરવા રાખેલ રૂપિયા ૩.૬૯ લાખની કુલ કિંમતનો ૭ કિલો ૩૮૦ ગ્રામ વજનનો સુકો ગાંજો પકડી પાડી કબજે લઈ ઘરધણીની ધરપકડ કર્યાનું પોલીસ સૂત્રો દ્વારા સત્તાવાર રીતે જાણવા મળ્યું છે.
મળેલ વિગત અનુસાર દાહોદ એસ.ઓ. જી. પોલીસ ઈન્સ્પેક્ટર એસજે રાણા, પીએસઆઈ એસ યુ જોશી, તેમના સ્ટાફના પોલીસ કર્મીઓનો કાફલો ગઈકાલે લીમડી પોલીસ સ્ટેશનના હદ વિસ્તાર માં પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ મળી હતી ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના રૂપાખેડા ગામે ઘાટી ફળિયામાં રહેતા વીરસીંગભાઈ દીતાભાઈ ભુરીયાના પોતાના કબજા ભોગવટા ના મકાનમાં વેચાણ કરવા માટે પ્રતિબંધિત એવો વનસ્પતિ ગણપતભાઈ મિકલુભાઈને ખાનગી બાતમીદાર દ્વારા બાતમી જન્ય માદક પદાર્થ સુકો ગાંજો ગેરકાયદેસર રીતે રાખેલ છે. જે બાતમી ના આધારે દાહોદ એસ.ઓ.જી.પોલીસની ઉપરોક્ત ટીમે વર્ક આઉટ કરી પંચો સાથે બાતમી વાળી જગ્યા એ ઓચિંતી રેઈડ પાડી ઘરમાંથી રૂપિયા ૩.૬૯ લાખની કિંમતના ૭ કિલો ૩૮૦ ગ્રામ કુલવજનનો પ્રતિબંધિત એવો વનસ્પતિજન્ય માદક પદાર્થ સૂકા ગાંજાનો જથ્થો પકડી પાડી ઘરધણી વિરસીંગભાઈ દિતાભાઈ ભુરીયાની ધરપકડ કરી હતી. અને એફએસએલ અધિકારીને સ્થળ પર બોલાવી ઘરમાંથી મળી આવેલ પ્રતિબંધિત એવા વનસ્પતિજન્ય માદક પદાર્થનું પરીક્ષણ કરાવી તેનું સકારાત્મક પ્રમાણપત્ર મેળવી એ સંબંધે લીમડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા લીમડી પોલીસે આ મામલે એસઓજી પોલીસના હાથે ઝડપાયેલા રૂપાખેડા ગામના ઘાટી ફળિયામાં રહેતા વીરસિંગ ભાઈ દીતાભાઈ ભુરીયા વિરુદ્ધ એન.ડી.પી.એસ.એક્ટ મુજબ નાર્કોટિક્સનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.આમ એસઓજીનો સપાટો બોલાવતા સમગ્ર પંથકમાં ગુનાખોરી કરનારાઓમાં ડરનો માહોલ જોવા મળ્યો છે

**ગોધરા સબ જેલ અને NGOએ માનવતા દાખવી**

## આર્થિક રીતે નબળા કાચા કામના કેદીને જામીન રકમ ભરી મુક્ત કરાવ્યો




(પ્રતિનિધિ) ગોધરા, તા.15
ગોધરા સબ જેલમાં ગત તા.૦૨/૦૧/૨૦૨૬ના રોજ પશુધારાના ગુના (સે.કે.નં-૬૭/૨૦૨૪) હેઠળ અરવિંદ મણીલાલ નાયક નામના આરોપીને દાખલ કરવામાં આવ્યો હતો. આરોપીના ઘરમાં કમાનાર તે એકમાત્ર વ્યક્તિ હતો અને તેના પરિવારમાં ત્રણ નાના બાળકો પણ છે. તેની આર્થિક સ્થિતિ એટલી દયનીય હતી કે તે પોતાનો બચાવ કરવા માટે ખાનગી વકીલ પણ રાખી શકે તેમ ન હતો. આ લાચારીને ધ્યાનમાં રાખીને ગોધરા સબ જેલ દ્વારા જરૂરી કાર્યવાહી કરી તેને સરકારી રાહે વકીલની ફાળવણી કરવામાં આવી હતી. આ સરકારી વકીલની મહેનતથી કોર્ટમાં જામીન અરજી દાખલ કરાતા કોર્ટે રૂ. ૩૦,૦૦૦ રોકડા જમા કરાવવાની શરતે જામીન મંજૂર કર્યા હતા. જામીન મંજૂર થયા બાદ પણ નવી મુશ્કેલી એ હતી કે આરોપીના સગા-સંબંધીઓ કે મિત્રો આ નાણાં ભરવા તૈયાર ન હતા. આરોપીની સામાજિક અને કૌટુંબિક પરિસ્થિતિને ગંભીરતાથી લઈને જેલ પ્રશાસન અને DLSAએ માનવતાવાદી અભિગમ અપનાવ્યો હતો. જેલ પ્રશાસનના માર્ગદર્શન હેઠળ એક NGO દ્વારા આ જામીનની રકમની વ્યવસ્થા કરી આપવામાં આવી હતી. ત્યારબાદ સરકારી વકીલ મારફતે કોર્ટની કાયદાકીય કાર્યવાહી પૂર્ણ કરીને આરોપીને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો. જેલમાંથી વિદાય લેતી વખતે ગોધરા જેલ પ્રશાસન દ્વારા આ કેદીને ભવિષ્યમાં ફરી કોઈ ગુનાહિત પ્રવૃત્તિમાં ન જોડાવા અને જેલમાં પરત ન આવવા અંગે પૂરતું માર્ગદર્શન આપી તેની પાસેથી ખાતરી લેવામાં આવી હતી.

## હાલોલ તાલુકાના અભેટવા ગામની સીમમાંથી રાષ્ટ્રીય પક્ષી મોરનું રેસ્ક્યુ

(પ્રતિનિધિ) હાલોલ., તા.15
હાલોલ તાલુકાના અભેટવા ગામની સીમ વિસ્તારમાં આજે સવારે આશરે 7 વાગ્યાના અરસામાં રાઠોડ સુનિલભાઈ બાબુભાઈના ખેતરમાં એક ઘાયલ રાષ્ટ્રીય પક્ષી મોર જોવા મળ્યો હતો. ઘટનાની જાણ તાત્કાલિક ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટને કરવામાં આવી હતી. ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટના આર.એફ.ઓ. ચંદ્રીકાબેનના માર્ગદર્શન હેઠળ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટનો સ્ટાફ અને સિદ્ધાંત જીવદયા ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી સંયુક્ત રીતે મોરનું સુરક્ષિત રીતે રેસ્ક્યુ કર્યું હતું. રેસ્ક્યુ બાદ ઘાયલ મોરને સારવાર માટે હાલોલ પશુ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યો હતો, જ્યાં પશુચિકિત્સકો દ્વારા પ્રાથમિક દવા-સારવાર કરવામાં આવી હતી. વધુ સારવાર અને યોગ્ય દેખભાળ માટે મોરને ધોબીકુવા



રેસ્ક્યુ સેન્ટર ખાતે ટ્રાન્સફર કરવામાં આવ્યો છે. વન્યજીવોના સંરક્ષણ માટે ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ અને સિદ્ધાંત જીવદયા ટીમ દ્વારા સતત સેવા કાર્ય કરવામાં આવી રહ્યું છે. કોઈપણ ઘાયલ અથવા મુશ્કેલીમાં મુકાયેલા વન્યજીવ જોવા મળે તો તાત્કાલિક સંબંધિત વિભાગને જાણ કરવા અપીલ કરવામાં આવી છે.

**ટ્રાફિક સિગ્નલનો પણ માત્ર શોભાના ગાંઠિયા બનીને રહી ગયા છે**

## દાહોદમાં આડેધડ પાર્કિંગ અને ટ્રાફિકની સમસ્યાથી લોકો પરેશાન

ટ્રાફિકના જવાનો મોબાઇલમાં વ્યસ્ત રહે છે જો કોઇ મોટો અકસ્માત થાય તો જવાબદાર કોણ ?



(પ્રતિનિધિ) દાહોદ, તા.15
દાહોદ શહેર વિવિધ સમસ્યાઓથી પીડાઈ રહ્યું છે. શહેરમાં ત્રણ દિવસે લોકોને પાણી મળે છે પહેલા ચાર દિવસ આપતા હતા તેમાં એક દિવસનો ઘટાડો થયો છે
આજ રીતે શહેરમાં ટ્રાફિકની સમસ્યા બેસૂમાર છે શહેરમાં આખા દિવસ દરમિયાન વિવિધ વિસ્તારોમાં શહેરીજનો દ્વારા પોતાના વાહનોનું આડેધડ પાર્કિંગ અને અને પાથરણા વાળા ઓને કારણે આ સમસ્યા બેવડાઈ છે શહેરની આ મોટી સમસ્યા નું નિવારણ કરવા માટે પાલિકા કે પોલીસ દ્વારા યોગ્ય પગલા લેવામાં આવતા નથી પાલિકા પોલીસ ના ઉપર નાખે અને પોલીસ પાલિકા ઉપર કોઈ પોતાની જવાબદારી નિભાવતા નથી એના કારણે દિન પ્રતિદિન આ તકલીફ માં વધારો થતો જાય છે તેમાં કેટલાક અંશે આ બાબતે શહેરીજ નો માં સમજ ઓછી હોવાનું કહી શકાય તેમ છે કારણ કે પોતાના વાહનોનું પાર્કિંગ ગમે ત્યાં કરતા હોવાનું જોવા મળી રહ્યું છે તેમાંય શહેરમાં લગાવાયેલા ટ્રાફિક સિગ્નલનો પણ માત્ર શોભાના ગાંઠિયા સમાન બન્યા છે દાહોદમાં ટ્રાફિકની વ્યવસ્થા વ્યવસ્થિત કરી અને આ સમસ્યાથી શેહેરીજનોને છુટકારો અપાવવો જરૂરી છે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

## આંબા મુખ્ય પ્રાથમિક શાળાના તમામ વિધાર્થીઓને વિનામૂલ્યે ચોપડાઓનું વિતરણ



લીમખેડા : લીમખેડા તાલુકાના સી.આર.સી. બારમાં આવેલી આંબા મુખ્ય પ્રાથમિક શાળાના તમામ વિદ્યાર્થીઓને ડો.શહેઝાદ કાઝી સર (ક્રિશ્ના કેરિયર એકેડેમી, સેક્ટર-21, ગાંધીનગર) તરફથી શાળાના વિદ્યાર્થીઓને 1225 નંગ એસાઈમેન્ટ તથા 350 નંગ નોટબુકોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.આયોજિત કાર્યક્રમમાં મુખ્ય દાતા ડો શહેઝાદ કાઝી સી.આર.સી.કો.ઓર્ડીનેટ મેહુલભાઈ ચૌધરી તથા એસ.એમ.સી.ના સભ્યો હાજર રહ્યા હતા.

## ગરબાડાના દાદુર ગામનો યુવક દેશી હાથ બનાવટની પિસ્ટલ સાથે પકડાયો

(પ્રતિનિધિ) દાહોદ, તા.15
દાહોદ એસ. ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટર એસ જે રાણા, પી.એસ. આઈ એસ.યુ જોશી, એ.એસ. આઈ જયેશકુમાર શાંતિલાલ, હેડ કોન્સ્ટેબલ ગણપત ભાઈ મીઠલુભાઈ, હેડ કોન્સ્ટેબલ પ્રદીપભાઈ ભીખુભાઈ તથા પોલીસ કોન્સ્ટેબલ હેમંતકુમાર અમૃતલાલ વગેરેનાઓ ગઈ કાલે ગરબાડા પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન તેઓને ખાનગી રાહે બાતમી મળી હતી કે, શરીરે કેસરી કલરની સફેદ તથા બ્લુ કલરની પટ્ટીવાળી અડધી બાયની ટીશર્ટ તથા બ્લુ કલરનું જીન્સનું પેન્ટ પહેરેલ ગરબાડા તાલુકાના દાદુર ગામનો ૪૦ વર્ષીય અરવિંદભાઈ ભારતસિંહ પરમાર નામનો વ્યક્તિ ગરબાડા પોલીસ સ્ટેશન વિસ્તારના દાદુર ગામે ચાર રસ્તા ચોકડી પર બેઠેલ છે. અને તેની પાસે ગેરકાયદેસર હથિયાર છે. જે બાતમીને આધારે દાહોદ એસઓજી પોલીસની ઉપરોક્ત ટીમે બાતમી વાળી જગ્યાએ વ્યુહાત્મક રીતે રેઈડ પાડી ચાર રસ્તા ચોકડી પરથી અરવિંદભાઈ ભારતસિંહ પરમારને ઝડપી પાડ્યો હતો. જેની પંચો રૂબરૂમાં સાવધાની પૂર્વક અંગ જડતી કરતા તેની કમરના ભાગે પેન્ટમાં ખોસેલ રૂપિયા ૧૫,૦૦૦/-ની કિંમતની દેશી હાથ બનાવટની પિસ્ટલ તથા રૂપિયા ૨૦૦૦/-ની કિંમતનો કંપનીનો મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૧૭,૦૦૦/-નો મુદ્દામાલ પકડી પાડી કબજે લઈ આ સંબંધે ગરબાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા ગરબાડા પોલીસે આ મામલે ગરબાડા તાલુકાના દાદુર ગામના ૪૦ વર્ષીય અરવિંદભાઈ ભારતસિંહ પરમાર વિરુદ્ધ આર્મ્સ એક્ટનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## આજે અષાઢી બીજની ઉજવણી : ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે દાહોદમાં જગન્નાથ વાજતે ગાજતે દિનચર્યાએ નીકળશે



**દાહોદ :** આજે અષાઢી બીજની સમગ્ર દેશમાં વધામણી કરવામાં આવશે જેમાં ભગવાન જગન્નાથની યાત્રા રંગેચંગે કાઢવામાં આવશે. જેમાં દાહોદમાં જગતના નાથ જગન્નાથ વાજતે ગાજતે દિનચર્યાએ નીકળશે શહેરના હનુમાન બજાર સ્થિત રણછોડરાય મંદિરેથી સવારે નિર્ધારીત સમયે પહીન્દ વિધિ બાદ જગતના નાથ જગન્નાથ, બલરામ તથા સુભદ્રાજીની રથયાત્રાનો આરંભ થશે. ૧૯ મી રથયાત્રાની છેલ્લા કેટલાય દિવસોથી ચાલી રહેલી તડામાર તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. અને આવતી કાલે શહેરના હનુમાન બજાર સ્થિત રણછોડરાય મંદિરેથી સવારે 8,30 કલાકે નિર્ધારીત સમયે પહીન્દ વિધિ બાદ જગતનાનાથ જગન્નાથ, બલરામ તથા સુભદ્રાજીની રથયાત્રાનો આરંભ થશે.

## ઝાલોદ લાયન્સ ક્લબના પ્રમુખ તરીકે કૃષ્ણકાંત ખંડેલવાલે સંભાળ્યો કાર્યભાર

(પ્રતિનિધિ) દાહોદ, તા.15
અગ્રણી સેવાકીય સંસ્થા લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલની ઝાલોદ શાખાએ સફળતાપૂર્વક ૫૧ વર્ષ પૂર્ણ કરી ૫૨ મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. આ ઉપલક્ષ માં તાજેતરમાં સ્થાનિક બ્રાઈટ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે એક ભવ્ય શપથગ્રહણ સમારોહ યોજાયો હતો, જેમાં કૃષ્ણકાંત ખંડેલવાલની પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી.કાર્યક્રમની શરૂઆતુ દિપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી. આ પ્રસંગે પૂર્વ પ્રમુખ વિષ્ણુપ્રસાદ અગ્રવાલે પોતાના કાર્યકાળના અનુભવો વર્ણવી સૌનો આભાર માન્યો હતો, જ્યારે પૂર્વ મંત્રી જવાહર અગ્રવાલે વર્ષ દરમિયાન ક્લબ દ્વારા કરાયેલી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓની અહેવાલ રજૂ કર્યો હતો.

**સિંગવડમાં પાછલા કેટલાક દિવસોથી હાઇ વોલ્ટેજથી લોકો પરેશાન**

## MGVCLની બેદરકારીથી ઘરવખરી બળી, કારણ શોધી નહીં શકતા લોકોને નુકસાન

**લોકો** આર્થિક ફટકો પડે તેની જવાબદારી એમજીવીસીએલ તંત્ર લેશ ? લોકચર્ચા

(પ્રતિનિધિ) સિંગવડ,દાહોદ તા.15
સિંગવડ નગરમાં છેલ્લા 15 દિવસથી મધ્ય ગુજરાત વીજ કંપની MGVCLની લાઈનમાં વોલ્ટેજ ડીમ-ફૂલ થવાની સમસ્યાથી નગરજનો ત્રસ્ત થયા છે. વોલ્ટેજ અચાનક વધી-ઘટી જતા ઘણા ઘરોની ઘરવખરી, પંખા, ફ્રીજ, ટીવી અને મોટરો બળીને ખાખ થઈ ગઈ છે. સિંગવડ નગરના રહેણાંક વિસ્તારોમાં દિવસમાં અને રાત્રીના સમયે લાઈટ એકદમ ડીમ થઈ જાય છે અને તરત જ ફૂલ વોલ્ટેજથી ચાલુ થાય છે. આના કારણે વોલ્ટેજ ફ્લક્ચ્યુએશન થઈ રહ્યું છે. જેના લીધે લોકોને નુકસાન થાય છે જ્યારે
1. આર્થિક નુકસાનઃ અત્યાર સુધીમાં ઘરોના ફ્રીજ, ટીવી, કોમ્પ્યુટર અને ઘરગથ્થુ ઉપકરણો બળી ગયા છે. વેપારીઓ પરેશાનઃ છે દુકાનોમાં કોમ્પ્યુટર ઝેરોક્ષ મશીન અને બિલિંગ મશીન વારંવાર બંધ થઈ જતા વેપારને નુકસાન થઈ રહ્યું છે.
MGVCLની બેદરકારી નગરજનોએ MGVCLના હેલ્પલાઈન અને સ્થાનિક ઓફિસમાં વારંવાર ફરિયાદ કરી છે. હેલ્પરો વારંવાર આવીને તપાસ કરે છે પણ આ ડીમ-ફૂલનું સાચું કારણ જ શોધી શક્યા નથી. ક્યારેક "ટ્રાન્સફોર્મરમાં ફોલ્ટ છે" તો ક્યારેક "લોડ વધુ છે" એમ કહીને ટાળી દેવાય છે. 15 દિવસથી કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી. નગરજનોની વ્યથા "અમે દર મહિને સમયસર વીજ બિલ ભરીએ છીએ. પણ MGVCL અમને રક્ષણ આપી શકતી નથી. રાત્રે 12 વાગ્યે પણ લાઈટ ડીમ-ફૂલ થાય છે અને ઉંઘ હરામ થઈ ગઈ છે. જો અમારી ઘરવખરી બળશે તો તેનું વળતર કોણ આપશે?"

## કાલોલની શબનમ સોસાયટીના થાંભલાઓની સ્ટ્રીટ લાઈટ શોભાના ગાંઠિયા સમાન

(પ્રતિનિધિ) કાલોલ, તા.15
કાલોલ શહેરની શબનમ સોસાયટીના રહીશો છેલ્લા ઘણા સમયથી સ્ટ્રીટ લાઈટ બંધ હોવાના કારણે અંધકારમાં જીવવા મજબૂર બન્યા છે.પ્રાપ્ત વિગતો અનુસાર શબનમ સોસાયટીના જાગૃત નાગરિક અલ્તાફભાઈ દ્વારા આ અંગે વારંવાર મૌખિક રજૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ ૦૧/૦૬/૨૦૨૬ના રોજ નગરપાલિકાની નાગરિક ફરિયાદ બુકમાં લેખિતમાં પણ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ત્યારબાદ ૧૩/૦૬/૨૦૨૬ના રોજ ફરી કમ્પ્લેન લખવામાં આવી હતી. પરંતુ આટલી રજૂઆતો છતાં પણ તંત્ર દ્વારા એક પણ સ્ટ્રીટ લાઈટ ચાલુ કરવાની તસ્દી લેવામાં આવી નથી. જ્યાં સાંજ પડતા જ સોસાયટી સંપૂર્ણ અંધકારમાં ડૂબી જાય છે.

## જાગૃતિ કન્યા વિદ્યાલય ફતેપુરા દ્વારા લીમડા હનુમાન મંદિર પ્રવાસનું આયોજન

(પ્રતિનિધિ) દાહોદ, ફતેપુરા, તા.2
જાગૃતિ કન્યા વિદ્યાલય ફતેપુરા દ્વારા પ્રવાસનું આયોજન NSS યુનિટ દ્વારા વડવાસ ગામના લીમડા હનુમાન મંદિરે એક દિવસીય કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું તેમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત રેલી પણ યોજવામાં આવી હતી આ રેલી મા વિવિધ સુત્રો જેવા કે"જ્યાં જ્યાં ગંદકી" "ત્યાં ત્યાં માંદગી", "ગંદકી ભગાવો રોગ ભગાવો" જેવા વિવિધ સૂત્રો બોલાવીને વડવાસ મુકામે રેલી ફેરવવામાં આવી હતી ત્યારબાદ લીમડા હનુમાન મંદિરના પટાંગણમાં સાફ-સફાઈ નો કાર્યક્રમ રાખવામાં આવેલો હતો NSS ની વિદ્યાર્થીનીઓ દ્વારા મંદિરના પટાંગણમાં ઘાસનું નિંદામણ, રોડ પરની સાફ સફાઈ,કચરો વાળવો જેવી વિવિધ કામગીરીઓ કરવામાં આવી હતી ત્યારબાદ બાળકો હાથ પગ ધોઈ ફ્રેશ થઈને ભોજન કરવા માટે એકત્રિત થયા હતા તમામ બાળકોએ ભોજન ગ્રહણ કરી અને શાળામાં પરત આવ્યા હતા આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય ડી.એન.પ્રજાપતિ તેમજ NSS યુનિટના કન્વીનર શ્રીમતી આર.ડી. સાદીયા અને સહ કન્વીનર ડી.જે.વણકર ના સંયુક્ત ઉપક્રમે



આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલું હતું. આ નિમિત્તે બાળકોમાં ઉત્સાહ અને ઉમંગ જોવા મળી રહ્યો હતો બાળકો દ્વારા મંદિરના પટ્ટા ગણમાં વ્યવસ્થિત રીતે સાફ-સફાઈ કરી અને કચરો કાઢી અને બહુ વ્યવસ્થિત કર્યું હતું જેથી આવતા જતા બાળકોમાં પણ સારી લાગણીઓ પેદા થઈ હતી આ બાબતે જાગૃતિ કન્યા વિદ્યાલયના સ્ટાફઘાન નો પણ આભાર માનવા લાયક છે.